# પેર્ટન મેકર (ફૂટવેર)

પેર્ટન મેકર (ફૂટવેર) મહિલાઓ, પુરુષો અને બાળકોના પગરખાં માટે નવી ડિઝાઇન અને નમૂનાઓ તૈયાર કરે છે. ફૂટવેર ડિઝાઈનર તેમના ગ્રાહકોને સંતોષ પુરો પાડવાની સાથે સાથે વર્તમાન પ્રવાહોના આધારે નવીન ઉત્પાદનો તૈયાર કરવાનો પ્રયાસ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને વસ્તુઓનું નિર્માણ કરવું ગમે છે
- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો
- તમે કુશળ સંવાદકર્તા છો
- સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું તમને ગમે છે



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે
**રૂ. ૩૦,૦૦૦ થી ૮,૬૪,૦૦૦* જેટલી હોય છે**

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃતિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ફૂટવેર ડિઝાઈન સ્નાતક (B.Design)ની ડિગ્રી મેળવો અને તે જ વિષયમાં અનુસ્નાતક (M.Design)ની ડિગ્રી પ્રાપ્ત કરો.

**અથવા**

ડિઝાઈનમા સ્નાતક (B.Design)ની ડિગ્રી મેળવો અને ફૂટવેર ડિઝાઈનમાં અનુસ્નાતક (M.Design)ની ડિગ્રી પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ફૂટવેર ડિઝાઈનરનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૬૬,૦૦૦ થી ૧,૧૫,૦૦૦* જેટલું હોય છે.**

સ્રોત:https://www.salaryexpert.com/salary/job/shoe-designer/india

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ડિઝાઈન કન્સલ્ટન્સી ફર્મ્સ, ફૂટવેર પ્રોડક્શન અને ટ્રેડિંગ કંપનીઓ, છૂટક અને જથ્થાબંધ કંપનીઓ, આયાત અથવા નિકાસ ઉદ્યોગ, મર્ચેન્ડાઈઝિંગ કંપનીઓ, પ્રોડક્ટ મેન્યુફેક્ચરિંગ કંપનીઓ, કોર્પોરેટ વ્યવસાયો, વગેરે.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે તમારી પોતાની ફૂટવેર ડિઝાઈન કંપની શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમમાં કામ કરવું પડી શકે છે.

**આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.**

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી/આસિસ્ટન્ટ વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઈનર → વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઈનર → સિનિયર વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઈનર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

શૂ ડિઝાઈનર, ફૂટવેર ડિઝાઈનર, શૂ ડિઝાઇન ટેકનિશિયન

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ડિપાર્ટમેન્ટ ઓફ ડિઝાઈન દ્વારા દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.



**સરકારી સંસ્થાઓ**

૧. ફૂટવેર ડિઝાઇન એન્ડ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ (એફ.ડી.ડી.આઈ.), ચંદીગઢ
૨. ફૂટવેર ડિઝાઇન એન્ડ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ (એફ.ડી.ડી.આઈ.), ચેન્નાઈ
૩. ફૂટવેર ડિઝાઇન એન્ડ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ (એફ.ડી.ડી.આઈ.), જોધપુર
૪. સેન્ટ્રલ ફૂટવેર ટ્રેનિંગ સેન્ટર, પશ્ચિમ બંગાળ
૫. સેન્ટ્રલ ફૂટવેર ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ, ચેન્નાઈ
૬. ફૂટવેર ડિઝાઇન અને વિકાસ સંસ્થા, મધ્યપ્રદેશ
૭. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, અમદાવાદ
૮. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, આસામ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે સંસ્થા UGC અને AICTE સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. આર્ટેમિશિયા કોલેજ ઓફ આર્ટ એન્ડ ડિઝાઈન, ઈન્દોર
૨. એપીજે કોલેજ ઓફ ફાઈન આર્ટસ, જલંધર
૩. અલખ પ્રકાશ ગોયલ શિમલા યુનિવર્સિટી, શિમલા
૪. અમૃતા સ્કૂલ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, કોચી
૫. એમિટી યુનિવર્સિટી, ગુરુગ્રામ
૬. ભારતીય કલા અને ડિઝાઈન સંસ્થાન, નવી દિલ્હી
૭. ચંદીગઢ યુનિવર્સિટી, ચંદીગઢ
૮. ચિત્કારા યુનિવર્સિટી, પટિયાલા

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**પાયલ કોઠારી** એક ભારતીય ફૂટવેર ડિઝાઈનર છે જે દેશના અગ્રણી ડિઝાઈનર ફૂટવેર સ્ટોર્સમાંના એક 'વરુસ્કા'ના સ્થાપક છે. પાયલ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ફેશન ટેક્નોલોજીની ભૂતપૂર્વ વિદ્યાર્થી છે અને તેમણે ટેકનિકલ આર્ટ ઑફ એક્સેસરી ડિઝાઈનમાં સ્નાતક (B.Design)ની ડિગ્રી હાંસલ કરેલ છે.*

સ્રોત:https://fashionfad.in/designer-biography/payal-kothari/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.